ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૧-૨૦૧૨, રવિવાર

તંત્રી સ્થાનેથી.....

ઠંડીથી ઠૂંઠવાતા પાટનગરમાં હજી કળિયુગ પૂરેપૂરો પ્રવેશ્યો નથી

ગાંધીનગર શિયાળાની જુવાની ગણાય એવા ડિસેમ્બરમાં ખાસ્સું એવું ગરમ રહ્યું, પરંતુ ચૂંટણીનો અને તે પછીની વાઈબ્રન્ટ સમીટ-૬નો ગરમાગરમ માહોલ પૂરો થતાંની સાથે એને સાચા શિયાળાનો સાક્ષાત્કાર થઈ ગયો. આમ તો આ ગુજરાતની રાજનગરી, એટલે અહીં બારેમાસ થોડું ઘણું ગરમાગરમ વાતાવરણ રહેવું જોઈએ! પરંતુ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભલભલા ચમરબંધીઓને ઠંડાગાર કરી મૂક્યા છે, એની અસર જાણે રાજધાનીના રાજકારણ પૂરતી મર્યાદિત ન રહેતાં આખા વાતાવરણ પર ન થઈ હોય, એવું લાગે! ગાંધીનગરવાસીઓની મીઠી મજાક કરતી હોય એમ ઠંડી વળી વળીને પાછી જોર કાઢવા લાગી છે. સામાન્ય સંજોગોમાં મકર સંક્રાતિ એટલે ઠંડીની વિદાયવેળા ગણાય; ઘરમાં ચૂપ થઈ ગયેલા વીજળીક પંખા અને ઑફિસોનાં ઍરકંડિશન યંત્રો સળવળી ઊઠે. સૂર્યમાં પણ જીવ આવ્યો હોય એમ એ દસ અગિયાર વાગ્યા સુધીમાં એનાં નખરાં ચાલુ કરી દે. મકર સંક્રાન્તિને આપણે સૂર્યની યુવાવસ્થાનું પહેલું ચરણ કહી શકીએ. એ પછી તો છેક જૂન સુધી એ નરેન્દ્ર મોદીની જેમ આખી સૃષ્ટિ પર છવાઈ જાય. એના આધિપત્યોનો ખરો પરચો ચૈત્ર-વૈશાખમાં મળે. પરંતુ હવે જાણે ઋતુચક્ર બદલાઈ રહ્યું હોય એમ ઠંડી પણ લાંબી ચાલે છે અને ગરમી પણ. ગાંધીનગરનો શિયાળો અગાઉ ક્યારેય નહોતો એટલો ઠંડોગાર આ વર્ષે જોવા મળ્યો છે. તે જ રીતે ગાંધીનગરમાં છેલ્લાં કેટલાંક વર્ષથી વિક્રમજનક ગરમી પણ પડવા લાગી છે.

માફકસરનાં ઠંડા વાતાવરણમાં માણસ વધુ કાર્યદક્ષ રહી શકે છે. પશ્ચિમના દેશોમાં ઉષ્ણ કટિબંધની પ્રજાની સરખામણીમાં વધારે કાર્યક્ષમતા જોવા મળે છે. પરંતુ હાડ થીજવતી ઠંડીને કારણે જનજીવન ઠપ્પ થઈ જતું હોય છે. ઉત્તર ભારતમાં અનેક વિસ્તારોમાં કાતિલ મોસમમાં જીવન અસ્તવ્યસ્ત થઈ જવાના કિસ્સા જોવા મળે છે. ધુમ્મસને લીધે ટ્રેનો મોડી પડે છે અને હવાઈ ઉડ્ડયનો રદ કરવાં પડે છે. આપણે ત્યાં માઉન્ટ આબુમાં પારો માઈનસ એક પર ઊતરી જાય છે. નખી તળાવ થીજી જાય છે. ગાંધીનગર તો મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતની સરહદે વસેલું વૃક્ષનગર છે. વૃક્ષોને લીધે અમસ્તુ ય રાજધાનીનું ઉષ્ણતામાન નજીકના અમદાવાદ કરતાં બે ડિગ્રી નીચું રહ્યા કરતું હોય છે. પરંતુ આવી ગાત્રો થીજવતી ઠંડીમાં પણ ગાંધીનગરના ભૂલકાં વેળાસર વહેલા ઊઠી શાળાએ પહોંચી જતાં હોય છે. આવી ઠંડીમાં પણ સરકારી ઓફિસો રાબેતા મુજબ ચાલ્યા કરે છે. નિષિધ્ધ પીણાં પણ જેને જોઈતાં હોય એને યોગ્ય ભાવ ચૂકવતાં મળી રહે છે. ગાંધીનગરનાં ઝૂંપડાવાસીઓને આ ઠંડી કોઠે પડી ગઈ છે. છતાં વયોવૃધ્ધ ડાહ્યાભાઈ ગાંધી જેવા એકલવીર કે અરૂણભાઈ બૂચ અને વસાહતી મંડળના સાથીઓ શોધી શોધીને ફૂટપાથ પર રાત ગુજારતાં એ વસુંધરાનાં વહાલાં દવલાંને ગરમ ધાબળા ઓઢાવતા ફરે છે ત્યારે એમ જ લાગે કે પાટનગર ગાંધીનગરમાં હજી કળિયુગ પૂરેપૂરો પ્રવેશ્યો નથી.

હડતાલના પગલે શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી

ગાંધીનગર, તા. ૧૯

સી.એન.જી. ગેસના ભાવમાં કમરતોડ વધારો કરવામાં આવતા રિક્ષાઓના પૈડા થંભી ગયા છે. આ હડતાલમાં સ્કૂલવર્ધીના વાહનો પણ જોડાતા શહેરની શાળાઓમાં બાળકોની પાંખી હાજરી જોવા મળી છે જો કે શાળાની આજુબાજુના વિસ્તારના વિદ્યાર્થીઓ જ સ્કૂલે આવતા નજરે પડે છે. પણ દૂરના સેક્ટરના વિદ્યાર્થીઓએ તો રજા પાડી દીધી હતી.

શહેરમાં સી.એન.જી. ગેસના ભાવવધારાના વિરોધમાં હડતાલ ચાલી રહી છે. જેમાં શહેરમાં આવેલી વિવિધ શાળાના સ્કૂલવર્ધીના વાહનચાલકો પણ જોડાયા છે. જેને પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. શહેરની શાળાઓમાં હડતાલના પગલે શાળાની નજીકના સેક્ટરના વિદ્યાર્થીઓ શાળાએ આવે છે. જ્યારે દૂરના સેક્ટરના વિદ્યાર્થીઓને શાળાએ જવા માટે પારાવાર મુશ્કેલી પડતી હોવાથી રજા પાડી છે. વાલીઓને પણ બાળકોને સ્કૂલે લેવા-મૂકવા જવામાં તકલીફ પડતી હોવાથી સ્કૂલે મોકલ્યા નહોતા. આથી શહેરની વિવિધ શાળાઓમાં વર્ગદીઠ બાળકોની સંખ્યા ઓછી હતી. શાળાના શિક્ષકોએ પણ એક જ ધોરણના બે વર્ગના વિદ્યાર્થીઓને એક ક્લાસ રૂમમાં બેસાડીને ભણાવ્યા હતા. સ્કૂલના શિક્ષકો પણ બાળકો ઓછા હોવાથી ભણાવવાના મુડમાં ન હતા છતા વર્ગખંડમાં બાળકોની પાંખી હાજરીમાં સમય પસાર કરી રહ્યા હતા.

એમ તો, રાંધણ ગેસનાં ભાવ પણ વધ્યા છે તો, મમ્મી કદી જમવાનું બનાવવાની સ્ટ્રાઈક નથી પાડતી... પણ આપણી સ્કૂલ જવામાં આવું કેવું ?!

સાદરા ગામમાં રાષ્ટ્રીય સેવા યોજનાની શ્રમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના સાદરા ગામે તાજેતરમાં શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય ખાતે ૮૧ યુવા સ્વયમ સેવકો અને અધ્યાપકો સાથેની રાષ્ટ્રીય સેવા યોજનાની સાત દિવસની શ્રમ શિબિર સફળ રીતે સંપન્ન થઈ ગઈ.

શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય-સાદરાના ૮૧ યુવા સ્વયમ્ સેવકો અને ૦૫ અધ્યાપકો સાથેની સાદરા ગામમાં રાષ્ટ્રીય સેવા યોજનાની શ્રમ સિબિર ૦૭ દિવસ માટે યોજાઈ. ગ્રામસફાઈ, મહોલ્લા સફાઈ, દારૂ, જુગાર, તમાકુનાં વ્યસનોના લોકશિક્ષણની ઝૂંબેશ હાથ ધરવામાં આવી. ગાંધીકથાના પૂર્વ આયોજને ગાંધી વિચારોના પ્રચાર પ્રસાર કરાશે.

કાર્યક્રમની રૂપરેખા શિબિર સંચાલક ડૉ. અરવિંદ રામીએ, અતિથિવિશેષ તરીકે સરપંચશ્રી મહેશભાઈ રાવલે, મુખ્ય મહેમાનમાં કમલકુમાર કર ઉપસ્થિત રહ્યા હતા. ગૌ-સંવર્ધન કેન્દ્રના પ્રા. રમેશભાઈ પટેલ શિબિરના ઉદ્‌ઘાટક તરીકે અને સંયોજક ડૉ. જમનાદાસ સાવલિયા અધ્યક્ષ સ્થાને રહ્યા હતા. આભારદર્શન ડૉ. ઉદાજી પરમારે અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન પોગ્રામ ઓફિસર પ્રા. નિરજ સિલાવટે કર્યું હતું.

સુનિતા, રવિશંકર મહારાજને ડોક્ટરેટની પદવી એનાયત

અમદાવાદ, તા. ૧૯

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (જીટીયુ)નો બીજો પદવીદાન સમારંભ ચાંદખેડાના નવા કેમ્પસ ખાતે આજે યોજાયો હતો. આ પદવીદાન સમારંભમાં સુનિતા વિલિયમ્સ, રવિશંકર મહારાજ અને પદ્મભૂષણ એ. એમ. નાયકને ડોક્ટરેટની પદવી આપવામાં આવી હતી. સમારંભમાં ડિગ્રી ઇજનેરી-ફાર્મસી-એમબીએ-એમસીએ-એમઇ-એમફાર્મ સહિતની વિદ્યાશાખામાં ૧૨૪ વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ એનાયત કરાયા હતા.

સમારંભમાં ડો. કમલા બેનીવાલ, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ આરોગ્યમંત્રી જયનારાયણ વ્યાસ, રવિશંકર મહારાજ તથા જીટીયુના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ડિગ્રી અને પ્રમાણપત્રો એનાયત કર્યાહતા. અલગ અલગ વિદ્યાશાખાના ટોપ ગોલ્ડ મેડાલિસ્ટોમાં બીઈમાં વત્સલ દોશી, એમ.ઈ.માં પ્રો. ઘનશ્યા તેજાની, બી.ફાર્મમાં વૈશાલી કોરાટ, એમસીએમાં તેજલ ભુવા, એમફાર્મમાં નિતેશ પટેલ, એમબીએમાં પ્રો. સ્નેહા સરાની, ડિપ્લોમા ઇન એન્જિ.માં પટેલ શ્રેયસે બાજી મારી હતી.

કોલવડા પગાર કેન્દ્ર શાળામાં વાલી સંમેલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

શહેરની નજીક આવેલા કોલવડા ગામની પગાર કેન્દ્ર શાળામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વાલી સંમેલન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમને માણ્યો હતો તથા શાળા અભ્યાસ અંગે શિક્ષકો સાથે વાલીઓએ ચર્ચા-વિચારણા કરી હતી.

વાલી સંમેલનમાં આચાર્ય હસમુખભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી આર.ટી.ઈ.ની જોગવાઈઓ, કાયદાકીય સમજણ, શિક્ષણના વિકાસ માટે વાલીઓની જાગૃતિ અને શાળાકીય વાર્ષિક આયોજનની રૂપરેખા સમજાવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ રમેશભાઈ પટેલ, ભાવનાબા વાઘેલા, કાન્તિભાઈ પટેલ, રામભાઈ દેસાઈ, બચુભા વાઘેલા, મનુજી વાઘેલા, ભરતસિંહ ચૌહાણ અને વિશાળ સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિક્રમસિંહ વાઘેલાએ કર્યું હતું.

ગોકુળપુરા સરકારી પ્રાથમિક શાળાનો રમતોત્સવ

ગાંધીનગર, તા. ૧૯

રમેશિમ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરના સેક્ટર-૧૪માં આવેલી ગોકુળપુરા સરકારી પ્રાથમિક શાળામાં રમોત્સવ યોજાયો હતો.

ગોકુળપુરા સરકારી પ્રાથમિક શાળામાં યોજાયેલા રમતોત્સવમાં શાળાના ૧૫૦ વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો અને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવી સદ્‌ભાવના પુરસ્કાર મેળવ્યો હતો. આ પ્રસંગે સચિવ વર્ષા ગુપ્તા અધ્યક્ષ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના શિક્ષક છાયાબેને આ પ્રસંગે વિશેષ સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના સભ્ય અમરસિંહ ચૌધરી, રવીન્દ્રભાઈ પટેલ, મનોજકુમાર ગુપ્તા, શુભાંગ, સુબ્રતા, રાકેશ, ધર્મેશ, અરનબ ખાસ હાજર રહ્યા હતા અને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

એરફોર્સ સ્ટેશન વડસરના દિનેશભાઈ છાત્રોડિયાની સેન્ટ્રલ એક્ઝીક્યુટીવ કમિટિના મેમ્બર પદે નિયુક્તિ

ગાંધીનગર, તા. ૧૯

સમગ્ર દેશમાં આવેલા ડિફેન્સ મંત્રાલયમાં ફરજ બજાવતા સિવિલીયન કર્મચારીઓ ભારતીય મજદૂર સંઘ સાથે સંલગ્ન ભારતીય પ્રતિક્ષા મજદૂર સંઘમાં જોડાયેલા છે. આ પ્રતિક્ષા મજદૂર સંઘનું ત્રિવાર્ષિક અધિવેશન તાજેતરમાં કાનપુર યુ.પી. ખાતે યોજાયું હતું. જેમાં દિનેશભાઈ છાત્રોડિયાની સેન્ટ્રલ એક્ઝીક્યુટીવ કમિટિ મેમ્બર પદે વરણી કરવામાં આવી હતી.

પ્રતિક્ષા મજદૂર સંઘના ત્રિવાર્ષિક અધિવેશનમાં સરકાર દ્વારા છઠ્ઠા પગાર પંચમાં રાખેલી વિસંગતતાઓ દૂર કરવા, ડિફેન્સના કર્મચારીઓને વધુ સારી સુવિધા મળે તે અંગે, ભવિષ્યમાં સંગઠનનો વ્યાપ વધુ વિસ્તરે તે અંગે ચર્ચાઓ અને વિવિધ ઠરાવો કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત રાજ્યના વિવિધ સ્થળોએથી ડિફેન્સ સેક્ટરમાં કાર્યરત યુનિયનોના ૩૦ કર્મચારીઓ ડી.એમ. હીરાણીની આગેવાની હેઠળ જોડાયા હતા. પ્રતિક્ષા મજદૂર સંઘમાં છેલ્લા વર્ષોમાં ગુજરાતમાં યુનિયનોની સંખ્યામાં થયેલ નોંધપાત્ર વધારાને ધ્યાને લઈ આ અધિવેશનમાં એરફોર્સ સ્ટેશન વડસર ખાતે ફરજ બજાવતા દિનેશભાઈ છાત્રોડિયાને સેન્ટ્રલ એક્ઝીક્યુટીવ કમિટિ મેમ્બર પદે ગુજરાત ક્ષેત્રમાં પ્રતિનિધિત્વ મળ્યું છે. જેને એરફોર્સ, નેવી, આર્મી અને એમ.ઈ.એસ.ના કર્મચારીઓએ એકી અવાજે વધાવી લીધુ હતુ અને અભિનંદન પાઠવ્યા હતા. એમ એરફોર્સ સ્ટેશન વડસર ગાંધીનગરના જનરલ સેક્રેટરી કે.બી. પટેલે એક યાદીમાં જણાવ્યું હતું.

આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં યુવક મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ, અભિનય ગીત, વાચંન, સુલેકન, ચિત્ર, રંગોળી, વેસ્ટમાંથી બેસ્ટ, મહેંદી, કાફ્ટ, શ્રુતલેખન, ગીત-ભજન, જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિજેતાઓને આચાર્યશ્રી દશરથભાઈ પટેલે તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

સાદરા ગામે ૧૦૮મી ગાંધીકથામાં જોડાવા ઈચ્છતા શ્રોતાજનો માટે બસ વ્યવસ્થા ગોઠવાશે

સિ.સિ.કા.ના સભ્યોને ૨૪મી સુધી નામ, નંબર નોંધાવવા અનુરોધ

ગાંધીનગર, તા. ૧૯

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ ગાંધીનગરના મંત્રી મહેન્દ્ર શાહે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૩ થી ૩૦મી જાન્યુઆરી-૨૦૧૩ સુધી બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન સાદરા ખાતે ૦૮મી ગાંધીકથા યોજાશે. આ છેલ્લી ગાંધીકથાનું રસપાન કરવા ઈચ્છતા સભ્યો માટે કાઉન્સિલની કચેરી, સેક્ટર-૨૧ થી બસ વ્યવસ્થા ગોઠવેલ છે. જેની નોંધણી ૨૪મી જાન્યુઆરી સુધીમાં કરવા જણાવાયું છે.

સાદરા ગામે નારાયણભાઈ દેસાઈની વ્યાસપીઠે યોજાનાર ૧૦૮મી છેલ્લી ગાંધીકથાનો નગરજનો લાભ લઈ શકે તે માટે સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા બસ સેવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીકથાનું શ્રવણ કરવા ઈચ્છતા સજ્જનને કાઉન્સિલની કચેરી, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતેથી બસ લઈ જશે અને મુકી જશે. તો જે સભ્યો સાદરા મુકામે આવવા ઈચ્છતા હોય તેઓએ તા. ૨૪મી જાન્યુઆરી-૨૦૧૩ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં પોતાનું નામ અને ફોન નંબર મંત્રી મહેન્દ્રભાઈ શાહને મો. નં. ૯૯૦૯૫૧૦૨૩૨ અથવા પ્રમુખ, શિવલાલગર ગોસ્વામીને ફોન નં. ૨૩૨-૨૫૭૦૨, હરજીવનભાઈ પંચાલ મો. નં. ૯૮૨૪૬૧૩૬૩૦ અથવા ભાનુભાઈ પુરાણી મો. નં. ૯૯૦૦૪૨૫૬૧૧૪, ફોન નં. ૨૩૨-૨૫૦૨૬ ઉપર નોંધાવવા એમ આયોજકો દ્વારા જણાવાયું છે.

આજે ડૉ. આંબેડકર જયંતિની ઉજવણી અંગે ચર્ચા વિચારણા બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

અધિકારના ઉપક્રમે આગામી ૧૪મી એપ્રિલ-૨૦૧૩ના રોજ આવનાર ડૉ. આંબેડકર જન્મ જયંતિની ઉજવણી અને સમાનતાના સંઘર્ષની શોભાયાત્રા સંદર્ભે ચર્ચા-વિચારણા માટેની બેઠક આજે સાંજે ૬.૩૦ કલાકે ડૉ. આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

દલિત અગ્રણી માર્ટિન મેકવાનની પહેલથી આ વર્ષે ડૉ. આંબેડકર જન્મ જયંતિ ઉજવવાનું આયોજન વિચારાઈ રહ્યું છે. જેમાં સૌની સહભાગીતા વિશે ચર્ચા વિચારણા કરવા એક બેઠક આજે આંબેડકર હોલ સમિતિ ખંડ, સેક્ટર-૧૨ ખાતે સાંજે ૬.૩૦ કલાકે યોજાશે. બેઠકમાં ઉપસ્થિત રહેવા ચંદુ મહેરિયાએ ખાસ જણાવ્યું છે.

સમર્પણ કૉલેજનો ડભોડા મુકામે આજે ગ્રામોત્થાન શિબિર

ગાંધીનગર, તા. ૧૯

સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત ગ્રામોત્થાન શિબિરનું આયોજન ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે તા. ૨૦મી જાન્યુઆરીના રોજ સવારે રાખેલ છે. જેનું ઉદ્‌ઘાટન, પૂર્વ મુખ્યમંત્રી અને કપડવંજના ધારાસભ્ય શંકરસિંહજી વાઘેલાનાં હસ્તે કરાશે. અતિથિ વિશેષને સ્થાને ડૉ. કિશોરસિંહ સોલંકી, કૉલેજના કેમ્પસ ડાયરેકટર, અને પૂર્વ આચાર્ય તથા કમલેશભાઈ વાસુદેવભાઈ પંડ્યા, અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. સંસ્થાના આચાર્ય ડૉ. જે.એસ. પ્રજાપતિએ જણાવેલ છે.

દિકરીને ગમે તેટલા લાડ-પ્યાર કરો, પણ એટલો ખ્યાલ રાખો કે ક્યારેક તેને કોઈની પત્નિ અને કોઈના પરિવારની પુત્રવધુ બનવાનું છે

સમાજ - ચિંતન
- પોપટલાલ પ્રજાપતિ

દિકરી વહાલનો દરિયો છે, આ સદીઓ પુરાણુ સત્ય છે, દયા, પ્રેમ અને મમતાએ નારી જાતિના જન્મજાત ગુણો છે. તેના માટે મા-બાપે તાલિમએ આપવાની હોય છે કે દિકરી કઈ રીતે ગૌરવ પૂર્ણ અને ઉન્નત મસ્તકે જીવન જીવી શકે. આપણો સમાજએ પુરુષ પ્રધાન છે આ વાસ્તવિકતાનો ઈન્કાર થઈ શકે તેમ નથી અને સ્ત્રીઓએ પરિવારની કેટલીક મર્યાદાઓનું પાલન અનિવાર્યપણે કરવાનું હોય છે આ કડવું સત્ય છે. પણ ક્યારેક મા-બાપ પોતાની એકની એક દિકરીને દિકરાની જેમ ઉછેરવાની ઘેલછામાં એના જીવનને એવા બિંદુએ પહોંચાડી દે છે કે, જ્યાં તે નથી બની શકતી સંપૂર્ણ સ્ત્રી કે નથી બની શકતી પુરુષ સમોવડી. એનું જીવતર રોળાઈ જાય છે. દિકરીને ગમે તેટલા લાડ પ્યારથી ઉછેરો પણ એટલો ખ્યાલ રાખો કે ક્યારેક તેને કોઈની પત્નિ બનવાનું છે, કોઈના પરિવારની પુત્રવધુ બનવાનું છે અતિશય લાડથી એને એટલી નિર્માલ્ય ન બનાવો કે સંસારના ઝંઝાવાતો સામે તે ટકી ન શકે, કે એટલી મુક્ત વિચારની પણ ના બનાવો કે જીંદગીને તે મજાક સમજી બેસે... વિનોદભાઈ અને વિમળાબેન (નામ બદલેલ છે) ને એક માત્ર દિકરી હતી, નામ એનું નેહા. પરિવાર ઘણો સુખી એટલે દિકરીના ઉછેરમાં ક્યાંય ખામી રાખી નહોતી. વિનોદભાઈ એમ જ માને કે નેહા મારી દિકરી નહિ પણ દિકરો છે. તેનું હું દિકરાની જેમ ઉછેરીશ... માતા-પિતા દિકરીનો પડ્યો બોલ ઝલતાં. દિકરી ભણવામાં પણ હોશિંયાર. દેખાવડી પણ એવી કે પરાણે વહાલી લાગે. નેહા સ્કુલનો અભ્યાસ પૂર્ણ કરી એન્જિનીયરીંગમાં દાખલ થઈ અને ભણતાં ભણતાં સહધ્યાયીને દિલ દઈ બેઠી. દિકરી મુક્ત વિચારની હતી એટલે નિખાલશ પણે તેણે પપ્પા-મમ્મીને આ વાત જણાવી. પપ્પા-મમ્મીએ દિકરીની પસંદગીન મહોર મારી દીધી. સમય જતાં નેહા અને નિરજના કોર્ટ મેરેજ થયા. નેહાએ એકવાર પપ્પા-મમ્મી આગળ પ્રસ્તાવ મુક્યો કે હું અને નિરજ બંને અમેરિકા જઈએ, ત્યાં જઈ સેટ થઈ તમને બંનેને અમે બોલાવી લઈશું. મમ્મીને દિકરીની આ વાત ગમી નહીં. બેટા, અહીં આપણે સુખી છીએ અને બેટા, દિકરી ઘણો કે દિકરો અમારે એકમાત્ર તું આધાર છે તને અમારાથી અળગી કરવા મન માનતું નથી. પણ નેહાને વિદેશનો મોહ લાગેલો એને ઈન્ડિયાની સંસ્કૃતિમાં પછાતપણું દેખાતું હતું. છેવટે પપ્પા-મમ્મીએ દિકરીની જીદ પૂરી કરી. નેહા અને નિરજના વિઝા આવી ગયા. બંને અમેરિકા ગયા. વિનોદભાઈ અને વિમળાબેન રડતા હૈયે દિકરી-જમાઈને વિદાય આપી. મુક્ત પંખીને જાણે વિહાર કરવા મુક્ત ગગન મળી ગયું. નેહા ચંચળ સ્વભાવની હતી તે અમેરિકાની ઝાકમઝોળમાં એવી તો ખોવાઈ ગઈ કે થોડા જ સમયમાં મા-બાપને વિસરી ગઈ. બે-ત્રણ દિવસે આવતા ફોન હવે તો મહિને કે બે મહિને આવતા થયા. નેહા અને નિરજ બંને અમેરિકામાં જોબ કરવા લાગ્યા. લાડકોડમાં ઉછરેલી નેહાને હવે કોઈ રોકટોક હતી નહીં. અમેરિકાના મુક્ત વાતાવરણમાં તેનું ચંચળ મન બેકાબુ બન્યું અને જોબ કરતા કરતા એક ગોરાને દિલ દઈ બેઠી.. ગોરાના પ્રેમમાં પાગલ બનેલી નેહાનું હવે નિરજ પ્રત્યેનું વર્તન બદલાવા લાગ્યું. નિરજની ચકોર આંખો પરિસ્થિતિ પામી ગઈ. તેણે નેહાને ઈન્ડિયન પ્રેમના સોગંદ આપી સચ્ચાઈ જાણવા પ્રયત્ન કર્યો. નેહાએ બિન્દાસપણે કબુલાત કરી, હા હું કોઈના પ્રેમમમાં છું અને તેના વિના રહી શકું તેમ નથી. નિરજ ગુસ્સાથી લાલચોળ બની ગયો છતાં ક્રોધ પર કાબૂ રાખી તેણે નેહાને પ્રેમથી સમજાવવા કોશિશ કરી તો નેહાએ સંભળાવ્યું કે, 'નિરજ પ્લીઝ, ડોન્ટ ઈન્ટરફીયર ઈન માય પર્સનલ લાઈફ, તું પણ મારો બેસ્ટ ફ્રેન્ડ બનીને મારી સાથે જ રહે, મને કોઈ વાંધો નથી.' નેહાએ સામાજિક મર્યાદાનો બંધ તોડી નાખ્યો અને ગુસ્સામાં નિરજનો હાથ ઉચકાઈ ગયો અને સટાક કરતો નેહાના ગાલ પર બે આંગળાથી હસ્તાક્ષર કરતો ગયો... નેહાએ તરત મોબાઈલ પર નંબર જોડ્યો અને પાંચ મીનિટમાં ઘરે પોલિસ આવીને ઉભી રહી.. નિરજની ધરપકડ થઈ... અને નેહાએ ઈન્ડિયન પતિ સામે કોર્ટમાં કેસ કર્યો... છુટાછેડા માટે... નિરજને અમેરિકાની જેલમાં પિતાની યાદ આવી. પિતાએ તેણે નેહા સાથે કોર્ટ મેરેજ કર્યા ત્યારે કહેલું, દિકરા, જીંદગીનો આવડો મોટો ફેંસલો કરવામાં મારી સલાહ લેવાનું પણ તને મુનાસિબ ન લાગ્યું પણ જ્યારે આ ફેંસલો ખોટો હતો એવો તને અહેસાસ થાય ત્યારે મને યાદ કરજે... અને નિરજની આંખના ખૂણા ભીના થયા એની આંખોમાંથી ટપકતાં આંસુ જાણે કહી રહ્યા હતા કે વડિલોની અવગણના ક્યારેક જીંદગીમાં આફ્ત નોતરે છે. પણ અબ પસ્તાયે ક્યા હોત...

ઉપરોક્ત ઘટના ગાંધીનગરમાં બનેલી સત્યઘટના છે. સમગ્ર ઘટનાએ વિચારવા મજબૂર કરે છે કે દિકરીને દિકરો બનાવવાની ઘેલછા છોડો. દિકરી એટલે દિકરી... એ વહાલનો દરિયાને ખાબોચિયામાં પલટવાની કોશિશ ન કરો. દિકરીએ તો દેવનું વરદાન છે એ વરદાનને અભિશાપમાં ન પલટાવો. દિકરીઓ જો દિકરા બનશે તો જગતમાંથી મમતા અને કરુણાના ઝરણા સુકાવા માંડશે. પછી દામ્પત્યજીવન જીવવા જેવા નહીં રહે. આનો મતલબ એ હરગિઝ નથી કે દિકરીને બિચારી બાપડી બનાવી પતિના અત્યાચાર સામે મૂંગી મંતર બનાવી દેવી. પણ દામ્પત્ય જીવનને સુગંધિત બનાવવાની સભાનતા તે કેળવી શકે એટલે તો શિક્ષણ આપવું રહ્યું. દિકરીઓને પુરુષ સમોવડી બનાવ્યા કરતાં સ્ત્રીની ગરિમાને અકબંધ રાખી તેને સુનિતા વિલિયમ, કિરણ બેદી, ઈન્દિરા ગાંધી, જ્હોન ઓફ આર્ક, મધર ટેરેસા કે સાનિયા બનાવવાની મથામણ કરશો તો નારીત્વના રખોપા થઈ શકશે અને જગત નારી શક્તિનો જયજયકાર કરશે.